### 200 km કોપર અને 35 km ઓપ્ટિકલ ફાઈબર કેબલિંગ કરનાર રાજ્યની પ્રથમ યુનિ.

# ટેક્નોક્રેટ યુનિ. : MSUના કમ્પ્યૂટર સેન્ટરે આઠ વર્ષમાં 30 સોફ્ટવેર ડેવલપ કર્યા

- વિદ્યાર્થીઓ માટે જરૂરી સોફ્ટવેર માટે યુનિ. 2014થી 2020 સુધી વાર્ષિક ₹80 લાખ ભાડું ચૂકવતી હતી
- કોરોનામાં ઓનલાઇન પરીક્ષાના સોફ્ટવેર બનવાને કારણે યુનિવર્સિટીને ₹10 કરોડની બચત થઇ

| વડોદરા |

એમ.એસ.યુનિ.ના કમ્પ્યુટર સેન્ટર ખાતે છેલ્લાં આઠ વર્ષમાં વિવિધ ૩૦ સોફટવેર ડેવલોપ કર્યાં છે. જે પૈકી કોરોના કાળના કપરા સમય દરમિયાન ડેવલોપ કરેલા બે સોફટવેરને કારણે યુનિ.ને અંદાજિત રૂ.૧૦ કરોડની બચત થઈ છે. બીજી તરફ, રેડિયો ફ્રિકવન્સી લિંક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ૩૫ km અન્ડર ગ્રાઉન્ડ ઓપ્ટિકલ ફાઈબર કેબલ અને ૨૦૦ km કોપર કેબલિંગ કરનાર MSU રાજ્યની પ્રથમ યુનિ. છે.

ગુજરાતમાં સૌપ્રથમ એમ.એસ. યુનિ.માં ૧૯૮૦માં કમ્પ્યુટર સેન્ટરની સ્થાપના થઈ હતી. કમ્પ્યુટર સેન્ટરે છેલ્લાં આઠ વર્ષમાં વિવિધ ૩૦ સોફ્ટવેર ડેવલોપ કર્યાં છે. જે પૈકી કોરોના કાળમાં MSU-IS અને ઓનલાઈન એક્ઝામિનેશન સિસ્ટમ (OES)નો સમાવેશ થાય છે. સ્ટૂડન્ટ લાઈફ સાયકલ માટે જરૂરી સોફટવેર માટે ૨૦૧૪થી ૨૦૨૦ સુધી વાર્ષિક લગભગ રૂ.૮૦ લાખ ભાડુ ચુકવાતું હતું. હવે આ સોફ્ટવેર યુનિ.એ જ ડેવલોપ કરતા વાર્ષિક ખર્ચમાં ૫૦ % જેટલો ઘટાડો થયો છે.

આ ઉપરાંત કોરોના કાળમાં ઓનલાઈન પરીક્ષા માટે યુનિ.એ OES ડેવલોપ કર્યુ હતું. યુનિ.એ દોઢ વર્ષમાં આ સોફટવેર થકી ૩૫.૨૫ લાખથી વધુ ઓનલાઈન પરીક્ષા લીધી છે. આ સોફટવેર બહારથી લેવાય તો યુનિ.ને એક પરીક્ષા દીઠ અંદાજીત રૂ.૩૦થી ૩૫નો ખર્ચ થઈ શકત. જોકે, આ ખર્ચમાં પણ યુનિ.ને અંદાજે રૂ.૧૦ કરોડની બચત થઈ છે.

**07 બિલ્ડિંગ પર રીલે ટાવર્સ થકી રેડિયો ફ્રિકવન્સિ લિંક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કર્યું**

આ અંગે વધુ વિગતો આપતા કમ્પ્યુટર સેન્ટરના સૂત્રોએ જણાવ્યું હતું કે, MSUમાં ૪૨ વર્ષ અગાઉ IBM ૩૬૦/S-૪૪ કમ્પ્યુટર સિસ્ટમ હતી. ૮૦ના દાયકામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને રિસચર્સ ઉપરાંત આસપાસની કેટલીક ઈન્ડસ્ટ્રીઝ દ્વારા યુનિ.ની કમ્પ્યુટર સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવતો હતો. મિલેનિયમ વર્ષ ૨૦૦૦ બાદ યુનિ.ના કમ્પ્યુટર સેન્ટરના વિકાસને વેગ મળ્યો હતો. કેટલાંક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના રૂ.૧૫ કરોડના મહત્ત્વના યોગદાનને કારણે યુનિ.એ પોતાનું ફાયબર ઓપ્ટિક કમ્પ્યુટર નેટવર્ક ઊભું કરવામાં સફળતા મળી હતી. યુનિ.એ પોતાનું ૩૫ km અન્ડર ગ્રાઉન્ડ ઓપ્ટિકલ ફાઈબર કેબલ અને ૨૦૦ km કોપર કેબલિંગ નેટકર્વ ઊભું કર્યુ છે. આ ઉપરાંત વિવિધ ૭ બિલ્ડિંગ ઉપર રીલે ટાવર્સ થકી રેડિયો ફ્રિકવન્સી લિંક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરનાર MSU રાજ્યની પ્રથમ યુનિ. છે.

## ૨૦૧૪થી ૨૦૨૨ સુધી 30 ક્યા સોફટવેર ડેવલપ કર્યાં ?

૧.MSU-IS, ૨.OES, ૩.ARMS, ૪. MEP, ૫.DSW, ૬.RGIS, ૭.પે-રોલ સિસ્ટમ, ૮.ગોલ્ડ મેડલ રિપોર્ટ જનરેશન, ૯. CCC એક્ઝામ મેનેજમેન્ટ, ૧૦. ઓડિટ મેનેજમેન્ટ સિસ્ટમ, ૧૧.પ્રેસ રીલીઝ મેનેજમેન્ટ, ૧૨. ફોર્મ ૧૬-A જનરેશન, ૧૩.એક્ઝામ મેનેજમેન્ટ, ૧૪.રિક્રૂટમેન્ટ પોર્ટલ, ૧૫.વાયર્ડ નેટવર્ક સિસ્ટમ, ૧૬.PhD ફ્રેમવર્ક, ૧૭.MBP, ૧૮.WiFi, ૧૯.ઓનલાઇન એન્ગેજમેન્ટ એક્ટિવિટિ, ૨૦.એમ્પોઇ વેલફેર ફંડ, ૨૧.NIRF, ૨૨.એલ્યુમ્ની નેટવર્ક, ૨૩. હોસ્ટેલ એડમિશન મેનેજમેન્ટ સિસ્ટમ, ૨૪. ઇમેઇલ સર્વિસ, ૨૫.ટેબલેટ ડિસ્ટ્રિબ્યૂશન મેનેજમેન્ટ સિસ્ટમ, ૨૬. MBSA એડમિશન, ૨૭.કોન્વોકેશન, ૨૮.મૂલ્યાંકન, ૨૯.સેનેટ ઇલેક્શન, ૩૦.NEP સર્ટિફિકેશન.



## WiFiના યૂઝર્સ 30,000થી વધુ

૨૭૨ એકરમાં ફેલાયેલા કેમ્પસમાં ૨૪ X ૭ WiFi માટે ૧,૮૬૪ એક્સેસ પોઇન્ટ્સ છે. ૨૫,૯૦૬થી વધુ વિદ્યાર્થીઓ અને ૩,૬૧૭થી વધુ સ્ટાફ WiFi સુવિધાનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત યુનિ.માં ઇન્ટરનેટ કનેક્ટિવિટિ માટે ૫ હજાર જેટલા લેન પોર્ટનો સમાવેશ થાય છે.

## વડોદરાથી પાદરા સહિત વિવિધ ફેકલ્ટીઓમાં ઇન્ટરનેટ માટે કેબલિંગ કરાયું

કમ્પ્યુટર સેન્ટરથી યુનિ.ની પાદરા સહિત વિવિધ ફેકલ્ટીઓમાં ઇન્ટરનેટ માટે ૩૫ kmના અન્ડર ગ્રાઉન્ડ ફાયબર ઓપ્ટિક કેબલથી કનેક્ટ કરાઇ છે. તેવી રીતે આ સેન્ટરથી તમામ ફેકલ્ટીઓના વિભાગોમાં ૨૦૦ km કોપર કેબલિંગ કરવામાં આવ્યું તેવું સૂત્રોનું કહેવું છે.

## કેટલાક સોફ્ટવેરની વિગતો

1. **MSU-IS** : ૨૦૨૧-૨૨માં ૧૪ ફેકલ્ટીમાં ૮૯,૨૫૯થી વધુ વિદ્યાર્થીઓએ એડમિશન માટે અરજી કરી, જે પૈકી ૨૦,૫૩૨ને પ્રવેશ મળ્યો. આ સોફ્ટવેર થકી ૧૯,૦૫૮થી વધુ QR કોડ આઇકાર્ડ ઇશ્યૂ થયા છે.
2. **ARMS** : યુનિ.ના ડીન્સ, પ્રોફેસર્સ અને HOD મળી ૧,૩૨૭નો સ્ટાફ ઓનલાઇન પોર્ટલ સાથે જોડાયલો છે.
3. **રિક્રૂટમેન્ટ પોર્ટલ** : ટિચિંગ સ્ટાફની ૫૦,૧૦૦ અને નોન ટિચિંગ સ્ફાની ૧૪,૩૬૦થી વધુ અરજીઓ સ્વિકારી.
4. **MBN** : વિવિધ ફેકલ્ટી અને પ્રોગ્રામના ૩૯,૩૪૭થી વધુ વિદ્યાર્થીઓના રિઝલ્ટ જાહેર કર્યાં.
5. **CCC એક્ઝામ પોર્ટલ** : ૫૭,૯૬૦થી વધુ પરીક્ષા લેવાઇ, રૂ.૧.૧૬ કરોડની આવક થઈ.
6. **RGIS** : પ્રતિ વર્ષ ૧૭,૪૭૯થી વધુ રજિસ્ટ્રર ગ્રેજ્યુએટ્સનું રજિસ્ટ્રેશન.

## યુનિ.ને ઇ-વેસ્ટના નિકાલ થકી ₹16 લાખની આવક

ગુજરાત સરકારની ગાઇડલાઇન મુજબ કમ્પ્યુટર સેન્ટરે યુનિ. માટે ઇ-વેસ્ટ પોલિસી બનાવી છે. ઇલેક્ટ્રોનિક વેસ્ટના નિકાલ થકી યુનિ.ને રૂ.૧૬ લાખની આવક થઇ છે. સરકાર માન્ય ખરીદનારને યુનિ. ઇ-વેસ્ટ વેચે છે, જેને રિસાયકલ કરવામાં આવે છે.